For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મધ્ય પૂર્વમાં યુદ્ધની ગંભીર સ્થિતિથી વૈશ્વિક સંકટની અસર વર્તાઇ, ગેસની અછતે હજારો પરિવારોની રોજીરોટી પર સર્જ્યું સંકટ

# કારેલીબાગ રાત્રી બજારની 15થી વધુ દુકાનોને તાળાં

**ગેસ** વગર ચૂલા પર રસોઈ બનાવવાની ફરજ પડતા ગ્રાહકોને ભોજન માટે કલાકોનું વેઈટિંગ; વેપારીઓ ભારે દ્વિધામાં



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાઃ વર્તમાન યુદ્ધની વૈશ્વિક પરિસ્થિતિની સીધી અસર હવે સંસ્કારી નગરી વડોદરાના રસોડા અને વેપાર-ધંધા પર જોવા મળી રહી છે. શહેરમાં અચાનક સર્જાયેલી કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછતને કારણે હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે અનેક સ્થળોએ આધુનિક ગેસ સ્ટવને બદલે ફરી દેશી ચૂલા પર રસોઈ બનાવવાની નોબત આવી છે.

શહેરના પ્રખ્યાત ખાણી-પીણીના હબ ગણાતા કારેલીબાગ રાત્રી બજારમાં ગેસની અછતની સૌથી વધુ અસર જોવા મળી રહી છે. પૂરતા પ્રમાણમાં કોમર્શિયલ સિલિન્ડર ન મળવાને કારણે રાત્રી બજારની 15થી વધુ દુકાનો બંધ કરી દેવાની ફરજ પડી છે. વેપારીઓ જણાવી રહ્યા છે કે જો આગામી દિવસોમાં વહેલી તકે સિલિન્ડર ઉપલબ્ધ નહીં થાય, તો તમામ ધંધા-રોજગાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ જશે. ગેસના અભાવે જે રેસ્ટોરન્ટ સંચાલકોએ કામ ચાલુ રાખ્યું છે, તેઓએ લાકડાના ચૂલાનો સહારો લેવો પડ્યો છે. જોકે, ચૂલા પર રસોઈ બનાવવામાં વધુ સમય લાગતો હોવાથી ગ્રાહકોને ભોજન માટે કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. આના કારણે વેપારીઓ અને ગ્રાહકો બંને પરેશાન જોવા મળી રહ્યા છે.આ આર્થિક સંકટ માત્ર વેપારીઓ પૂરતું મર્યાદિત નથી. જો ગેસની અછત લાંબી ચાલશે અને ધંધા બંધ થશે, તો તેની સાથે જોડાયેલા અનેક પરિવારો બેરોજગાર થઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## પોરની હોટેલમાં ઘરેલું ગેસના ગેરકાયદે વપરાશ પર તવાઈ, 17 સિલિન્ડર જપ્ત



વડોદરા જિલ્લામાં વ્યાપારી એકમો દ્વારા ઘરેલું રાંધણ ગેસના સિલિન્ડરનો ગેરકાયદેસર ઉપયોગ કરી સરકારી તિજોરીને ચૂનો લગાવતા તત્વો સામે જિલ્લા વહીવટી તંત્રે કડક ઝુંબેશ છેડી છે. પુરવઠા વિભાગની ટીમને બાતમી મળી હતી કે પોર વિસ્તારમાં આવેલી 'હોટેલ ગેલેક્સી' માં વ્યાપારી હેતુ માટે નિયમોનું ઉલ્લંઘન કરીને ઘરેલું ગેસ સિલિન્ડરનો વપરાશ થઈ રહ્યો છે. આ બાતમીના આધારે પુરવઠા વિભાગની ટીમે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન હોટેલના રસોડામાં કોમર્શિયલ સિલિન્ડરને બદલે ખાનગી ગેસ કંપનીના કુલ 17 નંગ ઘરેલું ગેસ સિલિન્ડર કાર્યરત હાલતમાં મળી આવ્યા હતા. નિયમ મુજબ, ઘરેલું વપરાશ માટે સબસિડી ધરાવતા કે રાહત દરે મળતા સિલિન્ડરનો ઉપયોગ હોટેલ, રેસ્ટોરન્ટ કે અન્ય વ્યવસાયિક સ્થળોએ કરવો એ ગંભીર ગુનો બને છે. પુરવઠા વિભાગે તાત્કાલિક અસરથી તમામ 17 સિલિન્ડરોનો જથ્થો કબજે કર્યો છે અને હોટેલ સંચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીને પગલે હાઈવે પર આવેલી અન્ય હોટેલો અને ખાણીપીણીના એકમોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

મુંબઈ જતી ટ્રેનોને ડભોઈમાં સ્ટોપેજ અને બુકિંગ સુવિધા આપવા ધારાસભ્યની માંગ

# મિયાગામ-ડભોઈ-પ્રતાપનગર ડેમુ સેવાનો ટ્રાયલ રન,મુસાફરોમાં ખુશીનો માહોલ

**જનપ્રતિનિધિઓએ** મુસાફરોની આ લાંબા સમયથી બાકી રહેલી માંગ પૂર્ણ થવા બદલ રેલવેની પ્રશંસા કરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળ દ્વારા મિયાગામ ડભોઈ પ્રતાપનગર ડેમુ સેવાનો ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો. આ ડેમુ ટ્રેનના ટ્રાયલ રનને મિયાગામ સ્ટેશન પરથી સાંસદ અને ધારાસભ્ય અને પરતમાં ડભોઈ સ્ટેશન પરથી સ્થાનિક ધારાસભ્યએ લીલી ઝંડી બતાવી ટ્રેનને રવાના કરી હતી. જનપ્રતિનિધિઓએ મુસાફરોની આ લાંબા સમયથી બાકી રહેલી માંગ પૂર્ણ થવા બદલ રેલવેની પ્રશંસા કરી હતી.મિયાગામ સ્ટેશન પર યોજાયેલા સમારંભમાં સાંસદે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રેલવે સ્ટેશનોના સૌંદર્યીકરણ માટે કરવામાં આવતા કામોની પ્રશંસા કરી અને સૌને સ્વચ્છતા અપનાવવાની અપીલ કરી. તેમણે પ્રધાનમંત્રીના 2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યને સિદ્ધ કરવા માટે સૌને પોતાનું યોગદાન આપવાની અપીલ કરી હતી. ધારાસભ્ય શૈલેશભાઈ મહેતાએ ડભોઈમાં યોજાયેલા કાર્યક્રમમાં રેલવેના પ્રયાસોની પ્રશંસા કરતા મુંબઈ જતી ટ્રેનોને ડભોઈમાં સ્ટોપેજ અને બુકિંગ સુવિધાની માંગ કરી હતી. મંડળ રેલ પ્રબંધક રાજૂ ભડકે એ ડભોઈ અને મિયાગામ વચ્ચે ડેમુ ટ્રેનના ટ્રાયલ રનના અવસરે જણાવ્યું કે રેલમંત્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન અને મહાપ્રબંધકના નિર્દેશ મુજબ ડભોઈ સ્ટેશન પર બે નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આના પર એકતા નગર અને મુંબઈ વચ્ચે દોડતી ટ્રેનોને સ્ટોપેજ આપવામાં આવશે. ડભોઈ મિયાગામ સેક્શન વિશે જણાવ્યું કે, ભારતીય રેલવેના ઈતિહાસમાં આ ક્ષેત્રનું વિશેષ સ્થાન રહ્યું છે.

બાતમીના આધારે પોલીસે એક્શન લીધી

# વારસિયા પોલીસનો દરોડો : ગોગો કોન અને રોલીંગ પેપર વેચતો યુવાન ઝડપાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના કિશનવાડી વિસ્તારમાં ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસે આવેલી પાનની દુકાનમાં વારસિયા પોલીસે દરોડો પાડી પ્રતિબંધિત સ્મોકિંગ સામાન વેચતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી રોલિંગ પેપર અને ગોગો કોન સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

માહિતી મુજબ વારસિયા પોલીસ પેટ્રોલિંગ દરમિયાન કિશનવાડી વિસ્તારમાં ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસે પહોંચતા બાતમી મળી હતી કે 'જય અંબે પાન એન્ડ કોલ્ડ ડ્રિન્ક' નામની દુકાનમાં ગોગો રોલિંગ પેપર અને સ્મોકિંગ માટે ઉપયોગમાં લેવાતા સામાનનું ગેરકાયદે વેચાણ કરવામાં આવી રહ્યું છે. બાતમીના આધારે પોલીસે દુકાન પર રેડ કરી હતી. તપાસ દરમિયાન દુકાનમાંથી ધર્મેશ જગદીશ રાજપૂત (ઉ.વ. 26, રહેવાસી સતાધાર સોસાયટી, બાપોદ જકાતનાકા, વડોદરા) ઝડપાયો હતો. દુકાનની તપાસ કરતા કાઉન્ટર પરથી ગોગો કોન અને પ્રી-રોલ સ્ટિક નંગ 8 (રૂ.160) તેમજ રોલિંગ પેપર નંગ 8 (રૂ.80) મળી આવ્યા હતા.

વારસિયા પોલીસે સમગ્ર મુદામાલ કબ્જે કરી પ્રતિબંધિત સામાનનું વેચાણ કરતા જાહેરનામાનો ભંગ બદલ ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

ઈજાગ્રસ્તને લોહીલુહાણ હાલતમાં સરવાર માટે ખસેડાયો

# માંજલપુરમાં શાકભાજી સસ્તામાં વેચવા મુદ્દે બબાલ,યુવક પર ચપ્પુથી હિંસક હુમલો

**બંને** પક્ષે સામ સામે ફરિયાદ નોંધાવી, 4 વિરુદ્ધ ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં શાકભાજી સસ્તામાં વેચાણ કરવાં દરમિયાન થયેલી તકરારે હિંસકરૂપ ધારણ કરી લીધું હતું. જેમાં બંને પક્ષે ઝપાઝપી કરી હતી દરમિયાન એક યુવક પર ચાકુથી જીવલેણ હુમલો કર્યો હતો. એકને ચપ્પુના ઘા વાગતા તેને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બંને પક્ષે એકબીજા સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે 4 સામે ગુનો નોંધી છે. માંજલપુર વિસ્તારમાં રજા મસ્જિદ પાસે મહેન્દ્રનગરમાં રહેતા મુકીમ અનિશભાઈ પઠાણ (ઉં.વ.32) 14 માર્ચના રોજ સાંજે આશરે 4 વાગ્યે શાકભાજીની ફેરી માટે નીકળ્યા હતા. સાંજે લગભગ 7 વાગ્યે તેઓ મકરપુરા જીઆઈડીસી પાસે ભૂમિ ચોકડી ખાતે પહોંચ્યા હતા ત્યારે ટેમ્પો બંધ પડી જતા રોડની બાજુમાં રાખી ત્યાં શાકભાજી વેચવા લાગ્યા હતા.

દરમિયાન નજીકમાં પથારો લગાવી શાકભાજી વેચતા ઈમરાન તસીરખાન પઠાણ ત્યાં આવ્યા અને ઓછા ભાવે શાકભાજી વેચવાના મુદ્દે બોલાચાલી શરૂ કરી હતી. ત્યારબાદ ઈમરાનના ભાઈ મોહમ્મદ સાબાન ખાન પણ ત્યાં આવી ગયા અને ઝપાઝપી શરૂ થઈ હતી. ત્યારે ઈમરાન સાથે શાકભાજી વેચતા તેના ભાણિયા શાહિદે ચપ્પુ કાઢી તેમને કમરના ભાગે ઘા કર્યો હતો તેમજ ગળા અને ડાબી આંખ પાસે પણ ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મુકીમે પોતાના ભાઈ સુફિયાનને ફોન કરતા તેઓ આવી પહોંચ્યા અને 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને એસએસજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. મુકીમે ઈમરાન તસીરખાન, મોહમ્મદ સાબાન ખાન અને શાહિદ સામે 1 ફરિયાદ નોંધાવી છે.બીજી તરફ ઈમરાન તસીરખાન પઠાણ (ઉં. વ.26)એ પણ મુકીમ સામે મારામારીની નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના ભાઈ મોહમ્મદ સાબાન અને ભાણિયા સાહિબે આલમ સાથે ભૂમિ ચોકડી પાસે શાકભાજી વેચતા હતા. ત્યારે મુકીમ પોતાના ટેમ્પો સાથે તેમની બાજુમાં આવી ઓછા ભાવે શાકભાજી વેચવા લાગ્યા હતા. આ બાબતે તેમને ટેમ્પો થોડો સાઈડમાં રાખવા જણાવ્યું હતું, પરંતુ મુકીમે ટેમ્પો હટાવ્યો નહોતો. ત્યારબાદ મુકીમ તેમના ભાઈ પાસે જઈ કોલર પકડી ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી.

ઈમરાનના જણાવ્યા મુજબ ઝપાઝપી દરમિયાન મુકીમે તેમને તેમજ તેમના ભાઈ અને ભાણિયાને માર માર્યો હતો. જેના કારણે તેમને નાકના ભાગે, મોહમ્મદ સાબાનને ખભાના ભાગે અને સાહિબે આલમને કમરના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. બાદમાં 108 એમ્બ્યુલન્સ દ્વારા તેઓ પણ એસએસજી હોસ્પિટલ ખાતે સારવાર માટે પહોંચ્યા હતા.

ગરમીમાં ઘટાડો નોંધાતા શહેરીજનોને રાહત

# વડોદરા શહેરમાં આજે તાપમાન ઘટ્યું, 36.5 ડિગ્રી નોંધાયુ

**આગામી** 19 માર્ચે વીજળી અને જોરદાર પવન સાથે વાવાઝોડું ફૂંકાવાની હવામાનની આગાહી

( પ્રતિનિધિ )વડોદરા,તા.15

વડોદરા શહેરમા લોકોને ગરમીથી આંશિક રાહત થઈ છે. રવિવારે મહત્તમ તાપમાન 36.5 ટકા અને લઘુત્તમ તાપમાન 21.2 ટકા સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 54 ટકા અને સાંજે 23 ટકા નોંધાયું હતું. છેલ્લા બે દિવસથી રાજ્યના કેટલાક શહેરોમાં તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો જોવા મળી રહ્યો છે. વડોદરા સહિતના રાજ્યના મોટા શહેરોમાં હાલ તાપમાન 36 થી 38 ડિગ્રી વચ્ચે નોંધાઈ રહ્યું છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં ગરમી વધતી જાય છે, પરંતુ આ વખતે વાતાવરણમાં બદલાતા તાપમાન થોડું ઓછું રહેવાની શક્યતા છે. જોકે બપોરના સમયે ગરમીનો અહેસાસ હજુ પણ યથાવત્ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે તેમજ પવનની દિશામાં ફેરફાર થવાની શક્યતા છે. જેના કારણે દિવસ દરમિયાન તાપમાનમાં થોડી રાહત મળી શકે છે. આ સાથે જ 18મીથી 20મી માર્ચ દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. વડોદરામાં આગામી 19 માર્ચે વીજળી અને જોરદાર પવન સાથે વાવાઝોડું 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે આવવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

ભગવાન પણ સુરક્ષિત નથી! ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

# આજવા રોડ પર મહાદેવના મંદિરમાં ઘૂસી 45 હજારથી વધુની રોકડ અને ચાંદીના છત્રની ચોરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરમાં ફરી એકવાર ધાર્મિક સ્થળો તસ્કરોના નિશાન પર આવ્યા છે. વડોદરાના આજવા રોડ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ ઈન્દ્રેશ્વર મહાદેવના મંદિરમાં ગત રાત્રિએ અજાણ્યા તસ્કરોએ ખાતર પાડ્યું હતું. તસ્કરો મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરી અંદાજે 45 હજાર રૂપિયાથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. મળતી માહિતી મુજબ, આજવા રોડ પર સ્થિત ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. અજાણ્યા શખ્સોએ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરી મહાદેવને અર્પણ કરવામાં આવેલું ચાંદીનું છત્ર અને દાનપેટીમાં રહેલી રોકડ રકમની ચોરી કરી હતી. પ્રાથમિક અંદાજ મુજબ કુલ 45000 રૂપિયાથી વધુની મત્તા ચોરાઈ છે. સવારે જ્યારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી ત્યારે સ્થાનિક રહીશો અને ભક્તોમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. પવિત્ર ધર્મસ્થાનમાં થયેલી આ ચોરીને પગલે લોકોમાં અસંતોષ વ્યાપ્યો છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં તસ્કરોની હિલચાલ કેદ થઈ છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તેમની શોધખોળ હાથ ધરી છે. શહેરમાં વધતી જતી ચોરીની ઘટનાઓને રોકવા માટે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ફાજલપુર નજીક હાઈવે પર માનવ દેહ છિન્નભિન્ન

# વડોદરા પાસે નેશનલ હાઈવે રક્તરંજિત, કાળમુખા ટ્રકે બાઈકને કચડતા બેના મોત




(પ્રતિનિધિ) વડોદરા, તા.15

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર આજે વડોદરાના ફાજલપુર ગામ નજીક એક રુંવાડા ઉભા કરી દે તેવો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવતા ટ્રક ચાલકે બાઈક સવારોને પાછળથી જોરદાર ટક્કર મારતા બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતકોના શરીરના અંગો છિન્નભિન્ન થઈને હાઈવે પર વેરવિખેર થઈ ગયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, ફાજલપુર ગામ પાસેથી એક મોટરસાયકલ પર ત્રણ વ્યક્તિઓ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી ધસમસતા આવતા એક ટ્રકે બાઈકને અડફેટે લીધી હતી. ટ્રકનું વ્હીલ ફરી વળતા બે સવારોના શરીરના ફૂરચા ઉડી ગયા હતા અને હાઈવે પર માંસના લોચા વિખરાયેલા જોવા મળ્યા હતા. આ ભયાનક દુર્ઘટના વચ્ચે માનવતાને હચમચાવી દે તેવા દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાસ્થળે હાજર એક મહિલા પોતાના સ્વજનના લોહીલુહાણ દેહને પકડીને હૈયાફાટ રુદન કરી રહી હતી. મહિલાની ચીસો અને "આમને ઉઠાવો, નહીંતર મરી જશે" તેવા કરુણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ત્યાં હાજર લોકો પણ આ દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા.

શહેરના છાણી વિસ્તારમાં સ્પીડ બ્રેકર પાસે કાર ચાલકે બાઈકને ટક્કર મારી

# છાણી TP-13 પાસે હિટ એન્ડ રન, કારની અડફેટે બાઈક સવાર યુવક ફંગોળાયો

**અકસ્માત** સર્જી કાર ચાલક ફરાર, ફતેગંજ પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેરમાં માર્ગ અકસ્માતોની વણઝાર યથાવત રહી છે, ત્યારે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. વડોદરાના છાણી ટીપી-13 વિસ્તાર પાસે એક બેફામ ગતિએ આવતી કારના ચાલકે બાઈક સવાર યુવકને જોરદાર ટક્કર મારતા યુવક રોડ પર ફંગોળાયો હતો. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક માનવતા નેવે મૂકી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, આ અકસ્માત છાણી ટીપી-13 પાસેના માર્ગ પર સર્જાયો હતો. બાઈક સવાર યુવક જ્યારે સ્પીડ બ્રેકર પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે પાછળથી આવતી એક કારના ચાલકે તેને અડફેટે લીધો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે યુવક બાઈક પરથી ફંગોળાઈને જમીન પર પટકાયો હતો.

ઘટનાની જાણ થતા જ ફતેગંજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કાર ચાલક અકસ્માત બાદ પોતાની ગાડી લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે હાલ આ મામલે હિટ એન્ડ રનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતનો ભોગ બનેલો યુવક કોણ હતો, તે ક્યાંથી આવતો હતો અને ક્યાં જઈ રહ્યો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસીને ફરાર કાર ચાલકને પકડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. શહેરમાં સતત વધી રહેલા અકસ્માતોને પગલે સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

અકોટામાં ગટર મુદ્દે 'ચૂંટણી બહિષ્કાર' તો આજવા રોડ પર દબાણ સામે 'રણશિંગુ'

# વડોદરાના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં તંત્રની નિષ્ક્રિયતા સામે જનતાએ મોરચો માંડ્યો

**'કામ નહીં તો વોટ નહીં'**: 20 વર્ષથી ગંદકીમાં સબડતા અકોટાના રહીશોનો હૂંકાર, નેતાઓ માટે 'નો એન્ટ્રી'ના બોર્ડ મારવાની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્માર્ટ સિટી બનાવવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે, પરંતુ વાસ્તવિકતા તેનાથી જોજનો દૂર હોય તેમ જણાય છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા અકોટા અને પૂર્વમાં આવેલા આજવા રોડ પર પ્રાથમિક સુવિધાઓના અભાવે રહીશોની ધીરજ ખૂટી છે. અકોટામાં વર્ષો જૂની ગટરની સમસ્યાથી કંટાળીને લોકોએ 'કામ નહીં તો વોટ નહીં'ના નારા સાથે આગામી ચૂંટણીના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે, તો બીજી તરફ આજવા રોડ પર ગેરકાયદે દબાણોને કારણે રસ્તાઓ રૂંધાતા રહીશોએ તંત્ર સામે મોરચો માંડ્યો છે. શહેરના વોર્ડ નંબર 12 માં સમાવિષ્ટ અકોટા વિસ્તારના જય ભવાની નગર અને પરશુરામ ભઠ્ઠામાં છેલ્લા 15 થી 20 વર્ષથી ડ્રેનેજની સમસ્યા વકરી છે. રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા એક અઠવાડિયાથી તો સ્થિતિ એટલી હદે બગડી છે કે ગટરના ગંદા પાણી લોકોના ઘરના ઉંબરે આવી ગયા છે. બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ચૂંટણી સમયે મત માંગવા આવતા પ્રતિનિધિઓ માત્ર આશ્વાસન આપે છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર કોઈ નક્કર કામગીરી થતી નથી. રહીશોએ રોષે ભરાઈને જાહેરાત કરી છે કે જો આ સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ નહીં આવે, તો તેઓ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયામાં ભાગ લેશે નહીં. એટલું જ નહીં, વિસ્તારમાં રાજકીય નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધના બોર્ડ મારવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. વોર્ડ કચેરીમાં વારંવાર રજૂઆતો કરવા છતાં અધિકારીઓની નિષ્ક્રિયતા સામે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ, શહેરના પૂર્વ છેડે આજવા રોડ પર કમલા નગર પાસે આવેલી ગીત બંગલો સોસાયટીના રહીશોએ રવિવારે સવારથી જ રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. રહીશોનો આક્ષેપ છે કે સોસાયટીના મુખ્ય કોમન રોડ પર કેટલાક અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરી દેવામાં આવ્યું છે. આ માર્ગ બે થી ત્રણ સોસાયટીઓને જોડતો મુખ્ય રસ્તો હોવા છતાં, દબાણને કારણે રસ્તો અત્યંત સાંકડો થઈ ગયો છે.સ્થાનિક રહીશોએ સીધો આરોપ લગાવ્યો હતો કે વડોદરા મહા નગર પાલિ કા ના અધિકારીઓની મિલીભગત વગર આ પ્રકારના ગેરકાયદે કબ્જા શક્ય નથી.

### તંત્રની ઊંઘ ક્યારે ઉડશે?

શહેરના બંને વિસ્તારોમાં જોવા મળતો આ જનઆક્રોશ સૂચવે છે કે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટી સ્તરે નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. એક તરફ ગંદકી અને રોગચાળાની ભીતિ છે, તો બીજી તરફ વહીવટી આશીર્વાદથી ફૂલેલા-ફાલેલા દબાણો રહીશોની સુખ-શાંતિ છીનવી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે, શું પાલિકા તંત્ર આ જનરોષને પારખીને કોઈ નક્કર પગલાં લેશે કે પછી દર વખતની જેમ રહીશોને માત્ર પોલા આશ્વાસનોથી સંતોષ માનવો પડશે.

1 એપ્રિલથી ફાસ્ટેગ વાર્ષિક પાસના દરમાં વધારો

# હવે રૂ.3 હજારથી વધીને 3,075માં એન્યુઅલ ફાસ્ટેગ પાસ મળશે

**આ** પાસ માત્ર નેશનલ હાઈવે અને એક્સપ્રેસ-વે પરના અંદાજે 1150 ટોલ પ્લાઝા પર જ માન્ય છે




(પ્રતિનિધિ) વડોદરા, તા.15

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ આગામી નાણાકીય વર્ષ માટે ફાસ્ટેગ એન્યુઅલ પાસના દરમાં વધારો કર્યો છે. હવેથી નોન કોમર્શિયલ વાહનો માટે પહેલી એપ્રિલથી પાસ માટે રૂ. 3075 ચૂકવવા પડશે. અગાઉ આ પાસની કિંમત 3 હજાર રૂપિયા હતી. કાર, જીપ અને વેન જેવા નોન કોમર્શિયલ વાહનો કે જેની પાસે સક્રિય ફાસ્ટેગ છે, તેઓ આ પાસ મેળવી શકે છે.1 એપ્રિલથી નેશનલ હાઈવે પર મળતો વાર્ષિક ટોલ પાસ હવે મોંઘો થવા જઈ રહ્યો છે. નેશનલ હાઈવે અથોરિટી ઓફ ઈન્ડિયાએ વાર્ષિક ટોલ પાસની કિંમતમાં વધારો કરી દીધો છે. હવે 1 એપ્રિલ 2026થી વાહન ચાલકોને આ પાસ માટે 3000 રૂપિયાની જગ્યાએ 3075 રૂપિયા આપવા પડશે.

વાર્ષિક ટોલ પાસના નવા દર નવા નાણાંકીય વર્ષ 2026-27 માટે લાગુ થશે. આ પાસ ન ફક્ત ખાનગી વાહનો માટે હોય છે, અને તેના માટે વાહનમાં એક્ટિવ ફાસ્ટેગ લાગેલું હોવું જરૂરી છે. વાર્ષિક ટોલ પાસ એક વર્ષ સુધી અથવા 200 વાર ટોલ ક્રોસિંગ સુધી માન્ય રહેશે એટલે કે, જો કોઈ વાહન 200 વાર ટોલ પ્લાઝા પાર કરે છે, તો પાસની વેલિડિટી ખતમ થઈ જશે, ભલે એક વર્ષ પૂરું ન થયું હોય. નેશનલ હાઈવે અથોરિટી ઓફ ઈન્ડિયાએ તમામ ટોલ પ્લાઝા અને સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે 1 એપ્રિલ 2026થી નવા દર લાગુ થશે અને તેની જાણકારી યાત્રીઓ અને બીજા સ્ટેકહોલ્ડર્સને આપવામાં આવે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પરથી આ પાસ ખરીદી શકાય છે.